રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)–૨૦૨૦ તેમજ નેશનલ કરિક્યુલમ ફ્રેમવર્ક (NCF)માં દર્શાવ્યા મુજબ ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ની બોર્ડની પરીક્ષાના પ્રશ્નપત્રોના સરળીકરણ કરવા બાબત.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર–૧૦ બી, ગાંધીનગર.
પરિપત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૩/૩૭૯૯–૩૮૦૫
તારીખ :– ૧૨/૧૦/૨૦૨૩

**વંચાણે લીધા :–**

(૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની તા.૧૦/૦૮/૨૦૨૩ના રોજ મળેલ શૈક્ષણિક સમિતિની કાર્યવાહી નોંધ.
(૨) અત્રેની કચેરીની તા.૨૫/૦૮/૨૦૨૩ની સિંગલ ફાઈલ પર મળેલ સરકારશ્રીની મંજૂરી.

**-: પરિપત્ર :-**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)–૨૦૨૦ના પ્રકરણ–૪ ના ૪.૩૭ માં દર્શાવ્યા મુજબ *"બોર્ડની પરીક્ષાઓને પણ 'સરળ' બનાવવામાં આવશે. સરળ એ અર્થમાં કે પરીક્ષાઓ કોચિંગ કે ગોખવાને બદલે ક્ષમતાઓ અને યોગ્યતાઓની પરીક્ષા કરશે. કોઈપણ વિદ્યાર્થી કે જે શાળાએ જઈ રહ્યો છે અને શાળામાં અધ્યયન માટે પ્રયત્નો કરી રહ્યો છે તે વધારાના પ્રયત્નો વગર બોર્ડની પરીક્ષા ઉતીર્ણ કરી શકશે અને સારો દેખાવ કરી શકશે."*

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)–૨૦૨૦ ની આ સંકલ્પનાને અનુરૂપ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ની હાલની પરીક્ષા પદ્ધતિમાં નીચે દર્શાવ્યા મુજબ ફેરફાર કરી સરળીકરણ કરવા અંગે થયેલ દરખાસ્ત ઉપર રાજ્ય સરકારની મંજુરીને ધ્યાને રાખી વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં નીચે મુજબ નિર્ણય કરવામાં આવે છે.

| હાલની જોગવાઈ | | | | સુધારેલ જોગવાઈ | | | |
|---|---|---|---|---|---|---|---|
| ધોરણ | હેતુલક્ષી પ્રશ્નો | વર્ણનાત્મક પ્રશ્નો | વર્ણનાત્મક પ્રશ્નોમાં વિકલ્પનો પ્રકાર | ધોરણ | હેતુલક્ષી પ્રશ્નો | વર્ણનાત્મક પ્રશ્નો | વર્ણનાત્મક પ્રશ્નોમાં વિકલ્પનો પ્રકાર |
| ૧૦ | ૨૦% | ૮૦% | આંતરિક વિકલ્પ | ૧૦ | ૩૦% | ૭૦% | ૫૬ ગુણના તમામ પ્રશ્નોમાં જનરલ વિકલ્પ. |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૨ (સા.પ્ર.) | ૨૦% | ૮૦% | આંતરિક વિકલ્પ | ૧૨ (સા.પ્ર.) | ૩૦% | ૭૦% | ૭૦ ગુણના તમામ પ્રશ્નોમાં જનરલ વિકલ્પ. |
| ૧૨ (વિ.પ્ર.) | ૫૦% (MCQ) With OMR | ૫૦% | આંતરિક વિકલ્પ | ૧૨ (વિ.પ્ર.) | ૫૦% (MCQ) With OMR | ૫૦% | ૫૦ ગુણના તમામ પ્રશ્નોમાં જનરલ વિકલ્પ. |

ઉપરોક્ત વિગતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની સુધારેલ પરીક્ષા પદ્ધતિ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ થી અમલમાં આવશે. તે માટે તજજ્ઞશ્રીઓ દ્વારા તૈયાર કરવામાં આવનાર પ્રશ્નપત્ર પરિરૂપ, ગુણભાર અને નમૂનાના પ્રશ્નપત્રો તબક્કાવાર પ્રસિદ્ધ કરવામાં આવશે.

ઉક્ત વિગતો તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ દ્વારા તેઓના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારૂં મોકલી આપવાની રહેશે.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતરમાધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

**નકલ સવિનય રવાના :-**

૧) માન. અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
૨) માન. અંગત સચિવશ્રી, માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.
૩) માન. સચિવશ્રી (પ્રા.શિ. અને મા.શિ.) શિક્ષણ વિભાગ, બ્લોક નં-૫/૭, સચિવાલય, ગાંધીનગર.
૪) માન. અધ્યક્ષશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

**નકલ રવાના :-**

૧) માન. નિયામકશ્રી (પરીક્ષા), ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
૨) નાયબ નિયામકશ્રી, પરીક્ષા (સા.પ્ર., વિ.પ્ર., SSC) જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.
૩) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ(આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ માટે મોકલી આપવા સારૂં)